# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૪૫ તા.૧૯-૦૨-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- રાજ્યમાં આવેલ તમામ બોર્ડની શાળાઓમાં ધોરણ ૧ થી ૧૨ના વર્ગોમાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય(Offline Education)શરૂ કરવા બાબત.

સંદર્ભઃ- ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ પરિપત્ર ક્રમાંક : પીઆરઇ/ ૧૨૨૦૨૦/ ૧૯૨૯૩૧/ ક (પાર્ટ-૧) તા.૧૮/૦૨/૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે,રાજ્યમાં પ્રવર્તમાન સમયમાં કોવિડ-૧૯ની પરિસ્થિતિ અનુસાર વિદ્યાર્થીઓના વિશાળ હિતને ધ્યાને લઇ તા.૨૧/૦૨/૨૦૨૨ને સોમવારથી રાજ્યની તમામ બોર્ડની ધોરણ ૧ થી ૮ની શાળાઓમાં પૂર્વવત રાબેતા મુજબ વિદ્યાર્થીઓની ૧૦૦% હાજરી સાથે ફરજીયાત પણે પ્રત્યક્ષ રીતે વર્ગમાં શૈક્ષણિક કાર્ય (Offline Education) શરૂ કરવા જણાવવામાં આવે છે.

કોરોના સમયગાળા દરમ્યાન થયેલ લર્નિંગ લોસને પહોંચી વળવા માટે G Shala App નો વધુમાં વધુ ઉપયોગ Blended Learning માટે કરી તમામ સરકારી અને ખાનગી સ્વનિર્ભર શળાઓ દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં ઉપયોગ કરવાનો રહેશે.

સરકારશ્રી દ્વારા કોવિડ-૧૯ સંબંધિત પ્રસિધ્ધ કરવામાં આવતી વખતો વખતની SOPનું પાલન કરવાનું રહેશે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૧૯-૦૨-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

રાજ્યમાં આવેલ તમામ બોર્ડની શાળાઓમાં ધોરણ ૧ થી ૧૨ ના વર્ગોમાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય (Offline Education) શરૂ કરવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક : પીઆરઇ/૧૨૨૦૨૦/૧૯૨૯૩૧/ક(પાર્ટ-૧)
સચિવાલય, સરદાર ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર
તા. ૧૮/૦૨/૨૦૨૨

વંચાણે લીધા :

(૧) શિક્ષણ વિભાગનો તા. ૦૫/૦૪/૨૦૨૧નો પત્ર ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/ક

(૨) શિક્ષણ વિભાગનો તા. ૨૭/૦૮/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/ક (પાર્ટ-૧)

(૩) શિક્ષણ વિભાગનો તા. ૨૧/૧૧/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/ક(પાર્ટ-૧)

(૪) શિક્ષણ વિભાગનો તા. ૧૯/૧૨/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/ક(પાર્ટ-૧)

(૫) શિક્ષણ વિભાગનો તા.૩૧/૦૧/૨૦૨૨ નો પરિપત્ર ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/ક (પાર્ટ-૧)

(૬) શિક્ષણ વિભાગનો તા.૦૫/૦૨/૨૦૨૨ નો પરિપત્ર ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/ક (પાર્ટ-૧)

પ્રસ્તાવના :

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) અને (૨) હેઠળના ઠરાવથી કોરોના મહામારીના કારણે રાજ્યની શાળાઓમાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય બંધ કરવામાં આવેલ હતું. વંચાણે લીધા ક્રમાંક (૩) હેઠળના તારીખ ૨૧/૧૧/૨૦૨૧ના ઠરાવથી રાજ્યમાં આવેલ તમામ બોર્ડની શાળાઓમાં ધોરણ ૧ થી ૧૨ ના વર્ગોમાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય પુનઃ શરૂ કરવામાં આવેલ. ત્યારબાદ શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૪) હેઠળના તારીખ ૧૯/૧૨/૨૦૨૧ના પરિપત્રથી પ્રવર્તમાન સંજોગોમાં સાવચેતીના ભાગરૂપે સતર્કતા રાખવાની જરૂરિયાત હોઇ રાજ્યમાં આવેલ તમામ બોર્ડની સરકારી/ખાનગી અને અનુદાનિત શાળાઓના શૈક્ષણિક-બિનશૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ ધ્યાનમાં રાખવાની બાબતો પરિપત્રિત કરવામાં આવેલ છે. શિક્ષણ વિભાગના સંદર્ભ (૫) હેઠળના તારીખ ૩૧/૦૧/૨૦૨૨ ના પરિપત્રથી રાજ્યમાં આવેલી તમામ બોર્ડની સરકારી/ખાનગી અને અનુદાનિત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં માત્ર ઓન-લાઇન શિક્ષણ આપવાની સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. છેલ્લે સંદર્ભ (૬) હેઠળના પરિપત્રથી ધોરણ ૧ થી ૯ માં ઓન-લાઇન શિક્ષણ સાથે સાથે શાળાઓમાં ઓફ-લાઇન શિક્ષણ પણ શરૂ કરી શકાશે. વિદ્યાર્થી ઓન-લાઇન કે ઓફ-લાઇન પૈકી પોતાની પસંદગી મુજબ શિક્ષણ મેળવી શકશે. તે મુજબ સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી.

(પાછળ જુઓ....)

પરિપત્ર :

હવે રાજ્યમાં પ્રવર્તમાન સમયમાં COVID-19 ની પરિસ્થિતિ અનુસાર વિદ્યાર્થીઓના વિશાળ હિતને ધ્યાને લઇ તારીખ ૨૧/૦૨/૨૦૨૨ ને સોમવારથી રાજ્યની તમામ બોર્ડની ધોરણ ૧ થી ૧૨ ની શાળાઓમાં પૂર્વવત રાબેતા મુજબ વિદ્યાર્થીઓની ૧૦૦% હાજરી સાથે ફરજીયાતપણે પ્રત્યક્ષ રીતે વર્ગમાં શૈક્ષણિક કાર્ય (Offline Education) શરૂ કરવાનું રહેશે.

સરકારશ્રી દ્વારા કોવિડ-૧૯ સંબંધિત પ્રસિધ્ધ કરવામાં આવતી વખતો વખતની SOP નું પાલન કરવાનું રહેશે.

કોરોના સમયગાળા દરમિયાન થયેલ લર્નિંગ લોસને પહોંચી વળવા માટે G Shala App નો વધુમાં વધુ ઉપયોગ Blended Learning માટે કરી તમામ સરકારી અને ખાનગી સ્વનિર્ભર શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં ઉપયોગ કરવાનો રહેશે.

(એમ. કે. પરમાર)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,
- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર,
- અધિક મુખ્ય સચિવશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, બ્લોક નં. ૪, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (નાણા), સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ્રા.શિ. અને મા શિ.), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી, સેક્ટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર,
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં. ૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર .
- નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., સેક્ટર-૧૨,ગાંધીનગર.

- સર્વે જીલ્લા કલેક્ટરશ્રીઓ /મ્યુનિસીપલ કમિશનરશ્રીઓ / જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ / જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ /શાસનાધિકારીશ્રીઓ *(નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફતે)*
- વિભાગની સર્વે શાખાઓ.
- આઇ.ટી. શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (આ પરિપત્ર વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂં)
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૪૫-A તા.૧૯-૦૨-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- વિવિધ સાંસ્કૃતિક સ્પર્ધાઓ કરવા બાબત.

સંદર્ભઃ- ક્રમાંક : પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૨/૧૭૧૨-૪૫ તા.૧૪-૦૨-૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ , ગાંધીનગર દ્વારા વિવિધ સાંસ્કૃતિક સ્પર્ધાઓ જેવી કે ગીત સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા,નૃત્ય સ્પર્ધા ચિલ્ડ્રન યુનિવર્સિટીના પત્રમાં જણાવ્યા અનુસાર નીચે દર્શાવ્યા પ્રમાણે આયોજન કરવા જણાવવામાં આવે છે. શાળાકક્ષાએ પ્રથમ વિજેતા થયેલ બાળકોને નીચે જણાવેલ સમય અને તારીખે બીટ કક્ષાએ (સુપરવાઈઝરશ્રી જણાવે તે સ્થળે) મોકલી આપવાના રહેશે.

સરકારશ્રી દ્વારા કોવિડ-૧૯ સંબંધિત પ્રસિધ્ધ કરવામાં આવતી વખતો વખતની SOPનું પાલન કરવાનું રહેશે.

| ક્રમ | કક્ષા | સ્પર્ધાની તારીખ |
|---|---|---|
| ૧ | શાળા કક્ષા | ૨૩-૦૨-૨૦૨૨ |
| ૨ | બીટ કક્ષા | ૨૫-૦૨-૨૦૨૨ |
| ૩ | ઝોન કક્ષા | ૨૮-૦૨-૨૦૨૨ |
| ૪ | જિલ્લા કક્ષા | પછીથી જાણ કરવામાં આવશે. |

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૧૯-૦૨-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૨/૧૭૧૨-૭૫

(પો.નં. ૬૧૧૫૧) પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,

બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,

ગુ રા. ગાંધીનગર. તા. ૧૪/૦૨/૨૦૨૨

પ્રતિ

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
  જિલ્લા શિક્ષણ સમિતિ, જિ. તમામ
- શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
  અમદાવાદ, ભાવનગર, ગાંધીનગર, રાજકોટ, સુરત, જામનગર, વડોદરા, જૂનાગઢ (શહેર વિસ્તાર)

વિષયઃ- જિલ્લા કક્ષાએ સ્પર્ધા કરી પ્રથમ ક્રમાંક મોકલવા બાબત.

સંદર્ભઃ- યુવક સેવા અને સાસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ- યસપ/સંસ્કૃતિ/૨૦૨૧-૨૨/ગ-૨/૩૮૬૦-૬૧ તા. ૦૯/૦૨/૨૦૨૨

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, યુવક સેવા અને સાસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરના તા. ૦૯/૦૨/૨૦૨૨ ના પત્ર અન્વયે પ્રાથમિક શાળાના અંડર ૧૪ માં આવતા બાળકો (દિનાકઃ ૦૧/૦૧/૨૦૦૮ પછી જન્મેલા)ની જિલ્લા કક્ષાએ ગીત સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, નૃત્ય સ્પર્ધા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ અધ્યક્ષશ્રી, વિદ્યાનિકેતન વિભાગ, ચિલ્ડ્રન યુનિવર્સિટીના પરામર્શમાં રહીને દિન- ૧૫ માં (૨૮ ફેબ્રુઆરી પહેલાં) કરવા જણાવેલ છે.

જિલ્લા કક્ષાએ આયોજન સંચાલન માટે રૂ. ૬૫૦૦/- (અંકે રૂપિયા છ હજાર પાંચસો પુરા) ચિલ્ડ્રન યુનિવર્સિટી તરફથી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને તથા શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા વિસ્તારને ચૂકવવામાં આવશે. ઉકત સ્પર્ધાઓમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવતું પત્રક અલગ-અલગથી ચિલ્ડ્રન યુનિવર્સિટીને મોકલવા તથા કો-ઓર્ડીનેટરશ્રી મહેન્દ્ર પટેલ (M) ૯૮૨૫૦૧૬૧૬૨ અને સુશ્રી શિલ્પાબેન વાળા (M) ૭૬૯૮૯૬૧૦૯૬ પર જાણ કરવાની રહેશે.

દિન-૧૫ માં સ્પર્ધા પૂરી કરી જિલ્લા કક્ષાએ પ્રથમ આવનાર બાળકોની અને મેનેજરની યાદી નિયત નમૂનામાં અધ્યક્ષશ્રી, વિદ્યાનિકેતન વિભાગ, ચિલ્ડ્રન યુનિવર્સિટી, છ-૫ સર્કલ પાસે, સેકટર- ૨૦, ગાંધીનગર ખાતે પહોચતી કરવાની રહેશે.

જિલ્લા કક્ષાએ પ્રથમ આવનાર વિજેતાને રૂ. ૧૦૦૦/- રોકડ પુરસ્કાર રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા આવે ત્યારે આપવામાં આવશે તથા રાજયકક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાને અનુક્રમે રૂ. ૧૧,૦૦૦/-, રૂ. ૭૫૦૦/-, અને રૂ. ૫૦૦૦/- રોકડ પુરસ્કાર આપવામાં આવશે. સ્પર્ધાના નિયમો આ સાથે સામેલ છે. રાજયકક્ષાની સ્પર્ધામાં ઉકત પત્રમાં જણાવ્યા મુજબની વિગતો મોકલવાની રહેશે. ઉકત બાબતે આપની કક્ષાએથી તાત્કાલિક જરૂરી નિયમાનુસારની કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

નકલ સવિનય રવાનાઃ-

- કમિશનરશ્રી, યુવક સેવા અને સાસ્કૃતિક પ્રવૃત્તિઓ, બ્લોક નં-૧૧/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- અધ્યક્ષશ્રી, ડિપાર્ટમેન્ટ ઓફ વિદ્યા નિકેતન વિભાગ, ચિલ્ડ્રન યુનિવર્સિટી, છ-૫, સેકટર- ૨૦, ગાંધીનગર

Scanned with CamScanner

ક્રમાંકઃ યસપ/સંસ્કૃતિ/૨૦૨૧-૨૨/ગ-૨/ ૩૯૬૦-૬૨
કમિશનર,
યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, (ગુ.રા.)
બ્લોક નં.૧૧/૩જો માળ, ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર – ૩૮૨૦૧૦
તા.૦૯/૦૨/૨૦૨૨

10 FEB 2022
આવક નં. ૬૧૯૪૯

પ્રતિ,
નિયામકશ્રી,,
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨, ૧લો માળ, ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર

વિષયઃ જિલ્લા કક્ષાએ સ્પર્ધા કરી પ્રથમ ક્રમાંક મોકલવા બાબત.

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, આપની તાબા હેઠળની પ્રાથમિક શાળાઓમાં અંડર ૧૪ માં આવતા બાળકો (દિનાંકઃ ૦૧/૦૧/૨૦૦૮ પછી જન્મેલા)ની સ્પર્ધા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ અધ્યક્ષશ્રી, વિદ્યાનિકેતન વિભાગ, ચિલ્ડ્રન યુનિવર્સિટીના પરામર્શમાં રહીને દિન-૧૫(૨૮ ફેબ્રુઆરી પહેલાં)માં કરવાની રહેશે.

દિન-૧૫માં સ્પર્ધા પૂરી કરી જિલ્લા કક્ષાએ પ્રથમ આવનાર બાળકોની અને મેનેજરની યાદી નિયત નમુનામાં અધ્યક્ષશ્રી, વિધાનિકેતન વિભાગ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, છ-૫ સર્કલ પાસે, સેકટર-૨૦, ગાંધીનગર ખાતે પહોંચતી કરવાની રહેશે. જિલ્લા કક્ષાએ આયોજન સંચાલન માટે રૂા.૬,૫૦૦/- (અંકે રૂપિયા છ હજાર પુરા) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી તરફથી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને ચૂકવવામાં આવશે. જિલ્લા કક્ષાએ ગીત સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, નૃત્ય સ્પર્ધામાં ભાગ લેનાર કલાકારની સંખ્યા દર્શાવતું પત્રક અલગ-અલગથી ચિલ્ડ્રન યુનિવર્સિટીને મોકલવાનું રહેશે. જેના કો-ઓર્ડીનેટર શ્રી મહેન્દ્ર પટેલ, મોબાઈલ નંબરઃ ૯૮૨૫૦૧૬૧૬૨ અને સુશ્રી શિલ્પાબેન વાળા, મોબાઈલ નંબરઃ ૭૬૯૮૯૬૧૦૯૬ ને જાણ કરવાની રહેશે.

જિલ્લા કક્ષાએ પ્રથમ આવનાર વિજેતાને રૂ. ૧૦૦૦/- રોકડ પુરસ્કાર રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા આવે ત્યારે આપવામાં આવશે.

રાજ્યકક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાને અનુક્રમે રૂ. ૧૧,૦૦૦/-, રૂ. ૭૫૦૦/- અને રૂ. ૫૦૦૦/- રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

રાજ્યકક્ષાની સ્પર્ધામાં નીચે મુજબની વિગતોએ સ્પર્ધકની એન્ટ્રી મોકલવાની રહેશે.

| ક્રમ | વિજેતા સ્પર્ધકનું નામ, સરનામું | શાળા | તાલુકો / જિલ્લો | વોટ્સએપ નંબર |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |

બિડાણઃ આ સાથે સ્પર્ધાના નિયમો સામેલ છે.

કમિશનર
યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ,
ગાંધીનગર

નકલ રવાના જાણ સારુ તેમજ જરૂરી કાર્યવાહી અર્થે:
અધ્યક્ષશ્રી, ડિપાર્ટમેન્ટ ઓફ વિદ્યા નિકેતન વિભાગ, ચિલ્ડ્રન યુનિવર્સિટી, ચ-૫, સેક્ટર-૨૦, ગાંધીનગર

Scanned with CamScanner

સ્પર્ધાના પેટા વિષયો :

૧) ગીત : દેશભક્તિ ગીત

૨) ચિત્ર : રાષ્ટ્રની આઝાદીમાં ક્રાંતિવીરોની ભૂમિકા , મહર્ષિ અરવિંદ એક વિરાટ વ્યક્તિત્વ અને આત્મનિર્ભર ભારત

૩) વક્તૃત્વ : એક ભારત શ્રેષ્ઠ ભારત, મહર્ષિ અરવિંદ અને શિક્ષણ અને લોકલ ટુ વોકલ

૪) નૃત્ય : દેશભક્તિ થીમ આધારિત નૃત્ય

નિયમો :

**ગીત**

1. સ્પર્ધકે કોઈ પણ ફિલ્મી અથવા નોન ફિલ્મી દેશભક્તિ ગીતની પ્રસ્તુતિ ગુજરાતી અથવા હિંદી ભાષામાં કરવાની રહેશે.
2. દરેક સ્પર્ધકે વ્યક્તિગત (સોલો) પ્રસ્તુતિ કરવાની રહશે તથા સંગત માટે વધુમાં વધુ બે (૨) સહાયક લાવી શકશે.
3. સ્પર્ધાનો સમય સ્પર્ધક દીઠ પાંચ મિનિટનો રહેશે. પ્રસ્તુતિ માટે સ્ટેજ પર સેટિંગ માટેની અન્ય વધુમાં વધુ પાંચ મિનિટ મળશે.
4. નિર્ણાયકશ્રીઓનો નિર્ણય શબ્દોનું ઉચ્ચારણ, સ્વર, લય, તાલ, ગાયકી તેમજ સમગ્ર રજૂઆત વગેરેને ધ્યાને લઈ કરવામાં આવશે તથા દરેક સ્પર્ધક માટે નિર્ણાયકોનો નિર્ણય આખરી નિર્ણય ગણાશે.
5. સ્પર્ધામાં સહભાગી થવા માટેની તમામ સત્તા અને નિયમો ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી પાસે રહેશે અને સર્વે સ્પર્ધકને બંધન કરતાં રહેશે.

**ચિત્રકળા**

1. તત્કાલ ચિત્ર સ્પર્ધા યોજાશે એટલે કે ચિત્રકામ સ્થળ ઉપર જ કરવાનું રહેશે.
2. સ્પર્ધાનો સમય ૧૫૦ મિનિટનો રહેશે.
3. ચિત્રકલાની સ્પર્ધા માટે ડ્રોઈંગના કાગળો સ્પર્ધાના આયોજક તરફથી મળશે તથા અન્ય કલાસામગ્રી ભાગ લેનાર સ્પર્ધકે લાવવાની રહેશે તે આયોજક તરફથી નહીં મળી શકે.
4. નિર્ણયનો આધાર કમ્પોઝીશન, કલર સ્કીમ, ટેકનીક, સૌન્દર્ય, વસ્તુલક્ષી નિરુપણ, ડ્રોઇંગ અને આકરમાં સપ્રમાણતા વગેરે ઉપર રહેશે તથા દરેક સ્પર્ધક માટે નિર્ણાયકોનો નિર્ણય આખરી નિર્ણય ગણાશે.
5. સ્પર્ધામાં સહભાગી થવા માટેની તમામ સત્તા અને નિયમો ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી પાસે રહેશે અને સર્વે સ્પર્ધકને બંધન કરતાં રહેશે.

**વક્તૃત્વ**

1. સ્પર્ધા ગુજરાતી અથવા હિંદી ભાષામાં રહેશે.
2. સ્પર્ધાનો સમય દરેક સ્પર્ધક માટે પાંચ મિનિટનો રહેશે.
3. નિર્ણાયકશ્રીઓનો નિર્ણય વિષયવસ્તુ, ઉચ્ચારણ, અવાજનો આરોહ- અવરોહ, મૌલિકતા, વિષયને અનુરૂપ વિવિધ ઉદાહરણો વગેરે ધ્યાને લઈ આપવામાં આવશે તથા દરેક સ્પર્ધક માટે નિર્ણાયકોનો નિર્ણય આખરી નિર્ણય ગણાશે.
4. સ્પર્ધામાં સહભાગી થવા માટેની તમામ સત્તા અને નિયમો ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી પાસે રહેશે અને સર્વે સ્પર્ધકને બંધન કરતાં રહેશે.

**નૃત્ય**

1. દેશભક્તિની થીમ પર કોઈ પણ નૃત્ય રજૂ કરી શકશે
2. સ્પર્ધક વ્યક્તિગત જ નૃત્ય રજૂ કરી શકશે.
3. નૃત્ય માટે ગીતનો ઑડિયો અગાઉથી રેકોર્ડ કરીને અથવા તૈયાર રેકોર્ડેડ પેનડ્રાઈવમાં લાવવાનો રહેશે
4. સ્પર્ધા માટેનો સમય વધુમાં વધુ પાંચ મિનિટનો રહેશે તથા સેટિંગ માટે વધુમાં વધુ બે મિનિટ આપવામાં આવશે.
5. દરેક સ્પર્ધકે નૃત્યનો પહેરવેશ પોતે લાવવાનો રહેશે તથા પ્રસ્તુતિના અગાઉથી પહેરવેશ પહેરી તૈયાર રહેવાનુ રહેશે.
6. નિર્ણાયકશ્રીઓનો નિર્ણય નૃત્યની પ્રસ્તુતિ, પહેરવેશ, હાવભાવ, લયબદ્ધતા વગેરે પર આધાર રાખશે તથા દરેક સ્પર્ધક માટે નિર્ણાયકોનો નિર્ણય આખરી નિર્ણય ગણાશે.
7. સ્પર્ધામાં સહભાગી થવા માટેની તમામ સત્તા અને નિયમો ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી પાસે રહેશે અને સર્વે સ્પર્ધકને બંધન કરતાં રહેશે.

Scanned with CamScanner